# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એક સંશય આપણી વચ્ચે રહે છે,
ભય વગર ભય આપણી વચ્ચે રહે છે.

તેજ જેવા તેજનો પર્યાય પોતે –
થઇ તમસમય આપણી વચ્ચે રહે છે.

ઉષ્ણ શ્વાસોથી ઊભય સંલગ્ન તેથી –
આર્દ્ર વિસ્મય આપણી વચ્ચે રહે છે.

ગીત બેઉ કંઠથી શેં એક ફૂટે ?
કોઇ ક્યાં લય આપણી વચ્ચે રહે છે !

જે વિજયને બાનમાં રાખી ઊભો છે,
એ પરાજય આપણી વચ્ચે રહે છે.

આપણી વચ્ચે કશું હોતું નથી-નો
ભ્રમ અને ભય આપણી વચ્ચે રહે છે.

- કરસનદાસ લુહાર

## પાથેય

- રમેશ ઠક્કર

### ભયનો ઓથાર...

આપણે ઘણી વખત ફિલ્મી ઢબે વાત થતી સાંભળીએ છીએ કે "જો ડર ગયા વો મર ગયા'..એટલે કે જે માણસ ડરતો? રહે છે મુસીબત એની સામે આવીને જ ઉભી રહે છે ! જીવનમાં જો સૌથી મહત્વનું કોઈ ધ્યેય પ્રાપ્ત કરવાનું હોય તો એ છે અભય થવું.ભગવદગીતામાં કૃષ્ણ ભગવાનનો મહત્વનો ઉપદેશ હોય તો એ અભય બાબતે છે.માણસ ભયભીત થઈ જાય તો ડર આપોઆપ એની ઉપર સવાર થઈ જાય છે.ડરપોક માણસ હંમેશા નિષ્ફળ જતો હોય છે.આપણે ઘણી વખત નાની નાની બાબતોમાં ડર અનુભવીએ છીએ.એની પાછળનું કારણ આપણો મોહ અથવા તો આસકતભાવ  હોય છે.આપણને નાનાં નાનાં સુખોની એટલી દરકાર હોય છે કે એ લૂંટાઈ જવાનો સતત ભય લાગે છે.હકીકતમાં જીવનમાં કોઈપણ ચીજ એટલી ભયાવહ જેટલો ડરામણો ડર હોય છે.એક સુંદર બોધ કથા હમણાં વાંચવામાં આવી હતી.આ બાબતને બહુ સારી રીતે વ્યક્ત કરે છે.

એક વખત એક ગામમાં ત્રણ વ્યક્તિઓ આવી રહ્યા હતા. ગામનાં પાદરમાં એક સંત બેઠા હતા. તેમને પુછ્યું 'તમે કોણ છો?' આ ત્રણેય વ્યક્તિઓમાંથી એકે કહ્યુ ''હું બીમારી છું', બીજાએ કહયું ''હું મૃત્યુ છું''. ત્રીજાએ કહ્યુ "હું ભય છે.

સંતે તેમને રોક્યા અને કહ્યુ 'હું તમને અંદર નહીં જવા દઉં.' ત્રણેય વ્યક્તિઓ બોલ્યા ''અમારે જવું જ પડશે કારણ કે દરેક મનુષ્યને કર્મનું ફળ આપવું એ જ સંસારનો નિયમ છે.'

આ સાંભળી સંત બોલ્યા "એક શરત ઉપર જવા દઉ તમે મને કહો કે તમે તમારી સાથે કેટલા લોકોના જીવન લઈ જશો?'' તો બીમારીએ કહ્યું 'હું દશ વ્યક્તિઓને લઈ જઈશ.' મૃત્યુએ કહ્યું હું પાંચ વ્યક્તિઓને લઈ જઈશ.'' ભયએ કહ્યું 'હું એક પણ વ્યક્તિને નહી લઇ જાવ.

ત્યારબાદ ત્રણેય ગામમાં જાય છે. થોડા દિવસો પછી ત્રણેય બહાર નીકળે છે. તો બીમારી અને મૃત્યુ સાથે તો તેમને કહ્યા મુજબની જ સંખ્યા હતી પરંતુ ભયની પાછળ લાંબી લાઈન હતી. આ જોઈને સંતે પુછ્યુ કે 'તમે તો એક પણ જીવનને લઇ જવાના ન હતા તો આવુ કેમ?''

તો ભય તરફથી જવાબ અપાયો કે 'ગુરૂજી હું આ કોઈને લઈ જતો નથી પરંતુ આ બધા ખુદ મારી પાછળ આવે છે.'

આપણે સહુ જાણેઅજાણે કોઇને કોઈ છૂપા ડરથી પીડાતા રહીએ છીએ.ઘણીવાર તો મુસીબત કરતાં આવનારી આફતનો ડર માણસને વધારે થકવી નાખે છે.જે માણસ ડર ઉપર વિજય મેળવે છે એ આપોઆપ મુસીબતોને પડકારવાનું પણ શીખી જતો હોય છે..

# આ છોકરો કંઈ વાંચતો-લખતો નથી



સ-રસ

મમતા બુચ

"કહું છું, તમને તો સ્હેજ પણ આ છોકરાની પડી નથી." કાવ્યાએ હું ડ્રોઇંગરૂમમાં બેઠો-બેઠો ટી.વી. જોતો હતો ત્યાં આવીને છણકો કર્યો. મેં ય સામે ભારપૂર્વક કહ્યું, "અરે, હોય કઈ, એને જ પૂછ, એના બાપાની થપ્પડો એને કેટલી પડી છે!" કાવ્યા રણકી, "શબ્દોને રમાડો નહીં. હું એમ કહું છું કે તમે એના સ્ટડી પ્રત્યે સ્હેજ પણ સભાન નથી." મેં કહ્યું, "હોતું હશે? પૂરેપૂરો સભાન છું. બોલ, શું થયું?"

હવે એ મૂડમાં આવી. "કશું નથી થતું એમ જ કહું છું. આ છોકરો કઈ વાંચતો-લખતો નથી. આગળ જતાં એનું શું થશે?" મેં કહ્યું, "એની ઉંમર એવી છે કે એને વાંચવાની અગત્યતા સમજાતી ન હોય. હજી તો નિલય છઠ્ઠામાં ભણે છે. મોટો થશે એટલે એને બધું સમજાઈ જશે." એની માએ દલીલ કરી, "પણ મોટો થશે ત્યાં સુધી ભણવાની ઉંમર જતી રહેશે એનું શું?"

વાત તો સાચી હતી. સાલું, ભણવાની ઉંમરે એ સત્ય સમજાતું નથી કે નહીં ભણીએ તો આપણું શું થશે અને જ્યારે એ સત્ય સમજાય છે ત્યારે ભણવાની ઉંમર વહી ગઈ હોય છે!

મેં કહ્યું, "એક કામ કરીએ. એને સીધી ભણવાની બુક આપશું ને તો એને કંટાળો આવશે. એના કરતાં એને ગમે એવા બીજા વિષય વંચાવીને શરૂઆત કરીએ." કાવ્યા મારી સામે અહોભાવભરી દ્રષ્ટિથી જોઈ રહી અને હું મનમાં પોરસાઈ રહ્યો.

મેં નિલયને બોલાવ્યો. એ વાળ ઉલાળતો આવ્યો. "શું, પપ્પા?" મેં કહ્યું, "જો બેટા, આજે સાંજે હું તારા માટે બે-ત્રણ સરસ બુક્સ લાવવાનો છું. આપણે સાથે બેસીને વાંચશું, હોં!" એ બે સેકન્ડ વિચારમાં પડ્યો. પછી કહે, "પણ પપ્પા, મારે વીસ દિવસ પછી સ્કૂલની ઇન્ટરનલ એક્ઝામ શરૂ થાય છે." મેં કહ્યું, "હા, પણ એ તો ફાઈનલ એક્ઝામ નથી ને? અને એ બાજુ તને વાળવા માટે જ આ બધા પ્રયોગો કરવા પડે છે, બદમાશ!" બીજું વાક્ય હું મનમાં બોલ્યો હતો! એ ક-મને રાજી થયો.

એ કહે, "પણ પપ્પા, મને વાંચતી વખતે બહુ ભૂખ લાગે છે." મેં કહ્યું, "તારી મમ્મી નાસ્તો બનાવી આપશે ને તું જે કહે એ!" એ કહે, "પપ્પા, મમ્મી તો મમરા, સેવ, ખાખરા ને એવું બધું આપે છે! મને જામ સેન્ડવિચ, ચીઝ દાબેલી, પીઝા એવું કઈંક ખવડાવો તો હું વિચારું!" એની મમ્મીએ એની સામે આંખો કાઢી ત્યાં જ એ બોલી ઉઠ્યો, "સ્મોલ પીઝા.....બહુ મોટા નહીં!" મેં ધીમેકથી કાવ્યાને કહ્યું, "કાવ્યા, હમણાં હા એ હા કર. પછી એને વાંચવામાં રસ પડી જશે ને પછી એને ખાવાનું ય મન નહીં થાય." કાવ્યા પરાણે માની.

બીજે દિવસે સાંજે હું બે-ત્રણ બુક્સ સાથે ઘરમાં પ્રવેશ્યો ત્યારે ભાઈ મજાથી ચીઝ દાબેલી ઝાપટી રહ્યા હતા! મને જોઈને પણ એણે ઊભા થવામાં કોઈ રસ ન દાખવ્યો એટલે મેં જ સામેથી કહ્યું, "જો નિલુ, તારા માટે હું કેવી-કેવી બુક્સ લાવ્યો છું!" એણે મોંઢામાં દાબેલીનો ડૂચો મારતાં કહ્યું, "કેવી-કેવી?" મેં કહ્યું, "જો, આમાં પહેલી તો ભારતના ઇતિહાસને લગતી છે." એણે કહ્યું, "યૂ મીન હિસ્ટ્રી, રાઈટ?" મેં કહ્યું, "હા, મારા અંગ્રેજની ઓલાદ!"

મેં નિલયને પાસે બેસાડયો. મેં કહ્યું, "જો, આ પુસ્તકમાં પાણીપતનું ત્રીજું યુદ્ધ જે મરાઠાઓ અને અબ્દાલી વચ્ચે થયેલું એની વાત છે." એ કહે, "પપ્પા, આવી અધૂરી ચોપડીઓ ના લાવો. પહેલા અને બીજા યુદ્ધ વિષે જાણ્યા વગર સીધા ત્રીજા યુદ્ધ પર આવી જવાનું?" પણ હું તો ખુશ થયો! મેં કહ્યું, "એટલે તને ઈતિહાસમાં રસ જાગ્યો! આગળનાં યુદ્ધો વિષે પણ જાણકારી આપે એવી બુક્સ તને લાવી આપીશ. તું આ તો વાંચ."

એણે હોઠ ઉપર ચોંટેલી ચીઝ જીભથી અંદર લેતાં કહ્યું, "પણ આ યુદ્ધોને કેટલાં વર્ષો થયાં! હવે એને યાદ રાખીને શું કરવાનું? અને મરાઠાઓ અને અબ્દાલી ઝઘડયા એમાં આપણે જવાબદાર છીએ?" મેં કહ્યું, "એના ઉપરથી ઘણું જાણવા અને શીખવા મળે." એ કહે, "એ તો આ ગૂગલ પર જાઓ તો ય મળે! તમે તો મને મોબાઈલ વાપરવા જ નથી દેતા એટલે! બાકી નાનાં-મોટાં બધાં યુદ્ધોની જાણકારી મળી જાય! અને પાણીપતના ત્રીજા યુદ્ધ માટે અર્જુન કપૂર હીરો અને સંજય દત્ત વિલન હતો એ 'પાનીપત' ફિલ્મ જોઈ નાખવાની! એના માટે આવાં મોટાં થોથાં ના વંચાય!" મેં કહ્યું, "ગધેડા, મોબાઈલ અને ફિલ્મ સિવાય પણ બીજી દુનિયા છે! બેસ, ચૂપચાપ વાંચવા!" આ વાક્યો હું મનમાં નહોતો બોલ્યો! એ મોઢું ચડાવીને ચૂપચાપ વાંચતો રહ્યો!

રાત્રે કાવ્યાએ કહ્યું, "તમે એને ગમે એવી ચિત્રોવાળી બુક લાવી દો તો? એટ લિસ્ટ, ચિત્રો જોવામાં તો એને રસ પડે!" બીજે દિવસે સાંજે હું પર્યાવરણ અને સૃષ્ટિને લગતી બુક્સ લાવ્યો. ત્યારે એ એની મમ્મીને કહી રહ્યો હતો, "મમ્મી, તું બ્રેડ ઉપર જામ લગાડવામાં બહુ કંજૂસાઈ કરે છે! આમપ. બ્રેડ ઉપર જામની પથારી જ પાથરી દેવાની હોય!"

મેં કહ્યું, "નિલુ બેટા, જામ સેન્ડવિચ ખાઈ લે પછી આપણે પર્યાવરણનું જતન કરવાના સંદેશાવાળું પુસ્તક વાંચીએ." એ થોડી વાર મારી સામે તાકી રહ્યો. પછી કહે, "આવી ભારી ભરખમ ગુજરાતી જ ઘરમાં બોલવી હતી તો મને ઇંગ્લિશ મીડિયમમાં શું કામ મૂક્યો? કઈંક સમજાય એવું બોલો." મેં કહ્યું, "એન્વાયરમેંટ પર બુક લાવ્યો છું." એ મને કહે, "ઓહહો.....એમ કહો ને! અમારી સ્કૂલમાં 'સેવ એન્વાયરમેંટ' એવાં બોર્ડ મારેલાં છે, એના પર ભાષણબાજી કરવા પણ લોકો આવે છે, એના પર કોમ્પિટિશન થાય છે...... એમાં બુક્સ વાંચવાની શું જરૂર છે?"

મારો પિત્તો જવાની તૈયારીમાં જ હતો પણ બે દિવસના અનુભવો પરથી હું સમજી ગયો હતો એટલે મેં એની સામે સાહિત્યની બુક ધરી દીધી, "જો, આ પણ હું લાવ્યો છું. આમાં સરસ મજાની વાર્તાઓ અને કવિતાઓ છે."

એ કહે, "આ વાર્તાઓ કેટલી સાચી? અને કવિતાઓ તો નકરી કલ્પનાથી ભરેલી! આવું અસત્ય શીખવાડીને તમે મને ક્યા રસ્તે લઈ જવા માંગો છો?" તો પણ મેં મગજ ઉપર કાબૂ રાખ્યો. મેં કહ્યું, "જો, નિલય, આ બધી વાર્તાઓમાં ભલે કલ્પનાનું તત્ત્વ હોય પણ એ સાવ કપોળ-કલ્પિત ન હોય. આવું બધું લાઈફમાં બનતું હોય છે."

એ કહે, "પપ્પા, મસ્ત વર્ડ હતો એ! બોલવાની મજા આવે એવો! શું બોલ્યા તમે- કપાળ-કલ્પિત?" મેં કહ્યું, "તું પિષ્ટપેષણ છોડ અને હું જે કહું છું એ સમજ!" એ કહે, "આ બીજો મસ્ત વર્ડ! પિષ્ટપેષણ!" મેં કહ્યું, "તું ટપ-ટપ છોડ અને રોટલા ઉપર ધ્યાન દે!" એ કહે, "પપ્પા, ધીમેથી બોલો. મમ્મી આ "રોટલા" શબ્દ સાંભળી જશે ને તો પાછી આજે બાજરાના રોટલા જમવામાં બનાવી નાખશે! હદ કરી નાખી છે આ શિયાળાએ! અઠવાડિયામાં ત્રણ વાર બાજરીના રોટલા અને રીંગણનું શાક! મને જરા ય નથી ભાવતી આ ડિશ, યૂ નો!"

મને થતું હતું કે હું હવે મારું માથું ભીંત સાથે પછાડું! ત્યાં એ મને કહે, "પપ્પા, હું જરા બહાર પાણીપૂરી ખ'ઈ આવું?" મેં કહ્યું, "કેમ, ઘરમાં પાણીપૂરી ખાતાં ચટકા ચડે છે? તારી મમ્મી ઘરે પાણીપૂરી ઘણી વાર બનાવે જ છે ને!" એ કહે, "ના પપ્પા, પણ મમ્મી ઘરમાં બનાવે તો એક જ ફ્લેવરની બને! અને ભૈયાજીની પાણીપૂરીમાં કેટલી બધી ફ્લેવર હોય! આમ...... મગજ તેજ થઈ જાય! ભણવાની મજ્જા આવી જાય!" "પણ તું ભણવા ક્યાં બેસે જ છે" એવા મારા શબ્દો મારા મોંઢામાં જ રહી ગયા અને એ બહાર દોડી ગયો!

mtabuch150@gmail.com

# બંધનમાં બંધાઈ રહેવાનીય મજા આવે જ્યાં સ્નેહ હોય

યુવાન વયે પહોંચેલી દીકરી માટે એના બાપને ચિંતા થાય એ સ્વાભાવિક છે. દીકરી એકલી ઘરની બહાર ગઈ હોય ત્યારે જ્યાં સુધી એ ઘરે પાછી ના આવી જાય ત્યાં સુધી પપ્પાની નજર દરવાજે ચોંટેલી રહે છે. દીકરીને જો ઘરે આવતા મોડું થાય અને એનો સામેથી ફોન ના આવે, ઘરેથી કોલ કરતા જવાબ ના મળે, ફોન સ્વીચ ઓફ કે આઉટ ઓફ રિચ બતાવે ત્યારે ભલભલા પપ્પાઓ હેરાન પરેશાન થઈ જતાં હોય છે. આ બધું આપણે સૌ જાણીએ છીએ, રાઈટ?

આ જ વખતે એ દીકરીની મનોદશા જોઈએ તો એને પાછું મનમાં એમ થતું હોય કે મારા પિતાને મારા પર જરાય વિશ્વાસ નથી... મારા પર ભરોસો નથી અને એ મનોમન દુ:ખી થતી હોય છે. કોઈ વાર એને નેટવર્કના લોચા નડ્યા હોય કે ફોનની બેટરી ઉડી ગઈ હોય એટલે ઘરે વાત ના થઇ શકી હોય એ એને માટે સાવ સામાન્ય વાત છે. માણસની વાત કરવાની ઈચ્છા હોય અને ત્યારે જ નેટવર્ક કે બેટરી સાથ છોડી જાય એ ટેક્નોલોજીની ખામી છે એ વાત દીકરીની સમજમાં આવી જાય છે પણ દીકરીને ઘરે આવતા દસ મિનિટ મોડું થાય ત્યારે, 'મારી દીકરી હજી ઘરે કેમ નથી આવી, એ સહીસલામત તો હશે ને' વગેરે જેવા વિચારો માબાપના મનોજગત પર હાવિ થઈ જતાં હોય છે અને એ માનવીય સ્વભાવની ખામી છે એ વાત દીકરીની સમજમાં નથી આવતી.

આમ જુઓ તો બાપ અને દીકરી જ નહિ પણ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો એ દરેક સંબંધ જ્યાં બંને બાજુ ધરખમ લાગણી સિવાય બીજું કશું નથી હોતું ત્યાં નાની નાની વાતે મન દુભાઈ જવાનું વધારે બનતું હોય છે. તું પેલાની સાથે કેમ આટલી પ્રેમથી વાત કરે છે કે તું પેલાની સાથે ફિલ્મ જોવા કેમ ગઈ હતી એવી ઈર્ષા કરનાર પુરુષ એની સ્ત્રી પર અધિકાર કે વર્ચસ્વ જમાવી રહ્યો છે એવું આપણને પહેલી નજરે લાગે પણ થોડુંક ઊંડે ઉતરીએ તો એમાં પ્રેમ જેવું પણ પાછું કાંઈક મળી આવે એવી પૂરી શક્યતા છે. આમેય કહે છે ને કે પ્રેમ ઈર્ષાથી પર ક્યાંય હોતો નથી.

તમે રખે પાછું એમ માની લેતા કે આ બધી માથાકૂટ આજકાલની છે. આ બધું તો યુગોથી ચાલ્યું આવે છે. હમણાં થોડો વખત પહેલાં મેં એક પુસ્તકમાં ઋષિ શુક્રાચાર્ય અને એમની પુત્રી દેવયાની વિશે વાંચેલું. કચ-દેવયાનીની વાત હું જાણતી હતી પણ એમાં વધારે ડોકિયું કરવાની ઈચ્છા થઈ એટલે પછી મેં પન્નાલાલ પટેલ લિખિત નવલકથા "કચ દેવયાની" અને "યયાતિ દેવયાની" વાંચી. એમાંનો જ એક નાનકડો પ્રસંગ નીચે લખ્યો છે...

એક વાર ઉદ્દાલક નામના મહામુનિ પોતાની પત્ની તથા શ્વેતકેતુ નામના તપેશ્રી પુત્ર સાથે વાતો કરતા ઊભા હતા. એવામાં અચાનક જ એક પુરુષ આવી ચડ્યો અને આવતામાં જ એ પુરૂષે ઉદ્દાલક મુનિની પત્નીના બેઉ હાથ ઝાલીને મીઠા સૂરમાં કહ્યું : 'ચાલ આપણે બંને વિહાર અર્થે ઊપડી જઈએ.'

એ પુરુષની વાત અને વર્તન યુવાન ઉંમરના ઋષિપુત્ર શ્વેતકેતુને યોગ્ય ના લાગી. એ પેલા પુરુષની આ પ્રકારની ધૃષ્ટતા જોઈને છેડાઇ પડ્યો. એણે તીખી નજરે પહેલાં એ પુરુષ, પછી માતા અને છેલ્લે પિતા સામે જોયું. પિતાને તરત ખ્યાલ આવી ગયો કે પુત્રને વાંધો પડ્યો છે.

ઉદ્દાલકે પુત્રને શાન્ત પાડવાનો પ્રયત્ન કરતાં કહ્યું : 'પુત્ર, તું રખે ક્રોધ કરતો...આમાં કશું જ ખોટું નથી. જેમ પુરુષ સ્વતંત્ર છે એ જ રીતે સ્ત્રી પણ સ્વતંત્ર જ છે. આ આપણો સનાતન ધર્મ છે. આ ધર્મ સ્ત્રી સહિત સર્વ યોનિનાં પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરનારો છે. એટલું જ નહિ, સૃષ્ટિ રચનાના આરંભ કાળથી આ ધર્મ પ્રમાણભૂત મનાયલો છે. આપણા આ સનાતન ધર્મને મુનિઓ પણ માન આપે છે. તું તારા ક્રોધને ત્યજી દે.'



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

પિતાએ આટલું સમજાવ્યું છતાંય શ્વેતકેતુએ ગુસ્સામાં આકાશ સામે આંગળી કરી અને એનામાં રહેલા તપના પ્રભાવથી લોકો ઉપર એક મર્યાદા સ્થાપી દીધી. એણે કહ્યું કે, "આજથી હું સમગ્ર પૃથ્વીલોકની સ્ત્રીઓ ઉપર મર્યાદા સ્થાપું છું. નાની ઉંમરે સ્ત્રી પિતાની આધીનતામાં રહેશે. લગ્ન કર્યા પછી પતિની આધીનતામાં હશે અને વૃદ્ધ ઉંમરે એને પુત્રના અંકુશમાં રહેવુ પડશે."

યુગો વીતી ગયા છતાં હજી એ યુવામુનિ શ્વેતકેતુએ સ્થાપેલી મર્યાદામાં સ્ત્રી બંધાઈ રહી છે. મતલબ કે છેક સતયુગથી સ્ત્રીઓની સ્વતંત્રતા પર જે ઘા થયેલો એ હજી યથાવત છે. આજે પણ નાની ઉંમરે સ્ત્રીએ એના પિતાની ઈચ્છા મુજબ રહેવું પડે છે, યુવાન વયે લગ્ન થાય એટલે પતિને ફાવે એમ જીવન ગોઠવી લેવું પડે છે તો વૃદ્ધાવસ્થામાં દીકરાને પૂછવું પડે છે.

આ મર્યાદા જો ઉદ્દાલક મુનિએ એમની પત્ની સહિત સમગ્ર નારી જાતિ પર લાદી હોત તો કદાચ એમની પત્ની દ્વારા જ એનો વિરોધ થયો હતો. એ મર્યાદા કદાચ હજી સુધી આટલી પ્રભાવી ના રહી હોત. અહીં એ મર્યાદા એક દીકરા દ્વારા એની મા પર લદાઈ હતી. એક દીકરાના પોતાની મા પ્રત્યેના પ્રેમને કારણે લદાઈ હતી અને એટલે જ એ હજી ટકી શકી છે.

સ્ત્રીઓ પર કઈ વાતે કેટલી રોકટોક હોવી જોઈએ અને ક્યાં એને છૂટ મળવી જોઈએ એ લાંબી ચર્ચાનો વિષય છે. દરેક સ્ત્રીને એક સરખી મર્યાદામાં ના બાંધી શકાય એ હકીકત છે અને તોય હજારો વરસો બાદ પણ એ ઋષિપુત્રએ બાંધેલી મર્યાદામાં આજે દરેક સ્ત્રી બંધાયેલી છે. એ બંધન જો ખાલી સ્ત્રીની સ્વતંત્રતા પર લગામ કસવા માટે હોત તો સ્ત્રીઓએ એને ક્યારનુંય ફગાવી દીધું હોત પણ એ બંધનમાં ક્યાંક સ્ત્રીને પુરુષની એને માટેની લાગણી દેખાય છે, ચિંતા દેખાય છે અને એટલે જ તે હજી એ બંધનનને વળગી રહી છે.

**અમસ્તું,**

મર્યાદા રૂપી બંધનને ટકાવી રાખવા એમાં પ્રેમ રૂપી સિમેન્ટ પૂરવો પડે!

- @Niyati Kapadia

# ભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે તે તુરંત જ મળે છે

**વિરાટ વિશ્વભાગમાં , લઘુક તું રહી ભલે ,**
**પરંતું પ્રેમપંથની મળેલ સંપદા તને ,**
**કૃષ્ણઘેલી કો મીરાં , નૃસિંહ , હેમચંદ્ર , ને**
**પ્રબોધતી તું ગાંધીને , નમું તને હું ગુર્જરી !**

**- જયન્ત પંડ્યા**

●●●

એક યુવકે પોતાની જન્મદાતા - મા ના જન્મદિવસ નિમિત્તે માતૃ વંદનાની સાથે મા ની કેટલીક લાક્ષણિક તસ્વીરો મુખપોથી - **Facebook** પર વહેતી કરી...જેમાં પ્રથમ તસ્વીર ગુજરાતી સાડીમાં સજ્જ વર્ષો જુની આદર્શ ગૃહિણી રૂપે...પછી ક્રમશઃ ...દક્ષિણી સાડીમાં... પંજાબી સલવાર - કુર્તામાં... ત્યારબાદ ટી શર્ટ ને જીન્સ પેન્ટમાં.. ને છેલ્લે..કેપ્રિ ને પારદર્શી ઉપરણવાળી છેલબટાઉ નારી રૂપે....

....ગુજરાતી નારીનાં બદલાતાં રૂપોનું સાવ સાચકલું પ્રતિબિંબ આ તસ્વીરોમાં ઝીલાયું હતું.

આમેય ગુજરાતીઓ એ આચાર - વિચારે પોતાની મૂળ ઓળખ ગુમાવવા માંડી છે. વાહિયાત ફેશન પરસ્તી ને આંધળું અનુકરણ આદરીને પોતીકા ' ગુજરાતીપણા ' ને હોંશે હોંશે દેશવટો આપી રહ્યાં છે. આપણે ખાન - પાન , બોલચાલ , વ્યવહાર વર્તનમાં કેટલા બદલાયા..!!

અરે, વાણી વ્યવહારમાં તો ગુજરાતીનુંયે ગુજરાતી કરવું પડે એટલી હદે ગુજરાતીઓને અંગ્રેજી તાવ ચડ્યો છે...!!

આથી દુ:ખી ભાષાપ્રેમીઓ બે દાયકાથી દર વર્ષે " વિશ્વ માતૃભાષા દિવસ " ઉજવતા રહ્યાં છે.જોકે મોટે ભાગે ઉજવણી ટાણે અરણ્યરુદન આદરીને મગરનાં આંસુ સારીને સૌ છૂટાં પડે છે ..ને..આવજો આવતી સાલ ઢુંકડી...!!

છતાં આવી ઘોર નિરાશામાંયે બારડોલી સ્થિત શ્રીમાન હર્ષદભાઈ પ્ર. શાહે " માતૃભાષા સંવર્ધન અને સંરક્ષણ " નો યજ્ઞ આરંભી આશાસ્પદ ' ભાષાવરણ ' સર્જી દીધું છે..ધીમી પણ મક્કમ ગતિએ સાચા અર્થમાં અભિયાન ( પાસે જવું ) આદર્યું છે..હવે તો એમનો કાફલો વિસ્તરવા માંડ્યો છે...પેલા ગોવર્ધન પર્વતની જેમ...!

શ્રીમાન હર્ષદભાઈ નો ભાષા યજ્ઞ સરાહનીય ને નોંધનીય તો છે જ પણ સાથે સાથે શુભ મંગલનો અણસારો પણ લેખાય..

આવા સમર્પિત ભાષાપ્રેમીઓના રૂડા સંકેતો જોઈ એક કાળે ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠતા માટે - શિખા ન બાંધવાની કે પાઘડી ન પહેરવાનો સંકલ્પ - લેનાર આખ્યાન શિરોમણી પ્રેમાનંદ , કલમને ખોળે માથું મુકી ' દાંડિયો ' પીટનાર વીર નર્મદ, રૂડી ગુજરાતી વાણી રાણી ના વકીલ - કવિ દલપતરામ , મૂળ મરાઠી છતાં સવાઈ ગુજરાતી એવા કાકાસાહેબ કાલેલકર કે પછી ભાષા જાય તો સંસ્કૃતિ જાય- આવું ઉચ્ચારનાર સ્પેન દેશના પણ ગુજરાતીઓને મન ' વ્હાલેશ ' એવા ફાધર વાલેસ..વગેરેનું પુણ્ય સ્મરણ થઈ જાય છે.આ બધાં એ ગુજરાતી ભાષા વૈભવને નાણ્યો...પ્રમાણ્યો...ને પુરષ્કૃત કર્યો છે..!

ભલે કોઈ કહેતું હોય , ' ગુજરાતી ભાષા તો શ્રીમંત લોકોની ગરીબ ભાષા છે , કે પછી " આપણને ' ચોપડા - પૂજન ' માં રસ છે પણ ' ચોપડી - પૂજન ' માં રસ નથી " - આવા શબ્દ - ચાબખા હાડોહાડ લાગ્યા ના પરિપાકની ફલશ્રુતિ રૂપે માતૃભાષા અભિયાન આપણને સાંપડ્યું હશે...એવું હું માનું છું...



લાગણીનો મેળો

રસિક વાળંદ

દોસ્તો , આમ જોવા જઈએ તો ગુજરાતીઓ દેખાદેખીમાં અગ્રેસર છે..જાણે આપણે તો દરેક ક્ષેત્રે ગતાનુંગતિકતાનું વરદાન પામ્યા ન હોઈએ ! આપણે ત્યાં સ્વતંત્ર - મૌલિક વિચારનારા ઓની સંખ્યા કેટલી ? સાવ જૂજ માત્રામાં.. જેને કારણે દંભને મોકલું મેદાન મળી રહે...ફાવટ આવે...એટલે પેલી લોકોક્તિ આપણને સાંભળવી પડે છે ને...." પુરબ કો પંડિત ભલો , જ્ઞાની કો પંજાબ ,

કર્મકાંડી કો દખ્ખણ ભલો , ઢોંગી કો ગુજરાત ! "

વર્ગખંડમાં " જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત " ના ગુણગાન ગાનારા મોટપણે પોતાના બાળકોને 'ગુજરાતી' નથી આવડતું એ વાત રૂઆબભેર ને રોફભેર જણાવતા થયા છે !!

ગુજરાતી એક ભાષા નહીં પરન્તુ એક અખંડ - અતૂટ સંસ્કૃતિ છે. ભાષા ધગધગતી જીવંત છે, પણ આપણી માનસિકતા મરવા પડી છે. અંગ્રેજો તો ગયા પણ આપણે અંગ્રેજી ભાષાની ગુલામીમાંથી છૂટ્યા નથી... એટલે જ કટાક્ષસભર કહેવાયું ;

" દેશ ગયા પરદેશ ગયા ને શીખી લાવ્યા વાણી ,
'વોટર' કહેતાં જીવ ગયો ને ખાટલા નીચે પાણી. "

મિત્રો , એક વાત સ્પષ્ટપણે સમજી લેવી રહી કે અંગ્રેજી ભલે વિશ્વ ભાષા હોય પણ ...મા , માતૃભાષા ને માતૃભૂમિનો મહિમા પિછાણીએ તો જ સાચા અર્થમાં વિશ્વ માનવ બની શકીશું...!!!

સ્પર્શમણિ:

**સફળતા એ સવાર જેવી છે , માંગવાથી નહીં પણ જાગવાથી મળે છે.**

●●●

**ભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે તે તુરંત જ મળે છે.**

●●●

**દરેકને પોતાના જ્ઞાનનું અભિમાન હોય છે પરંતુ કોઈને પોતાના અભિમાનનું જ્ઞાન નથી હોતું..!!**

●●●

- rasikvaland1965@ gmail.com
9913426949